**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૮ ટકા

# સિવિલમાં એક જ રાતમાં બે વખત હોબાળો

## દર્દીના મૃત્યુને પગલે સ્વજનો અને તાત્કાલીક વિભાગના સ્ટાફ વચ્ચે ઉગ્ર બોલાચાલી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં દર્દીના સગાઓએ ગતરાત્રીના સમયે બે વાર હોબાળો મચાવ્યો હતો. દર્દીના મૃત્યુને પગલે સ્વજનોએ હોહા મચાવી હતી. હોબાળાને પગલે તંત્રના અધિકારીઓ પણ સવારના સમયે હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા, અને દર્દીના સગાઓને શાંત પાડ્યા હતા. જયારે સિવિલના ઉચ્ચ અધિકારીએ દર્દીના સગાઓની રજુઆતને ધ્યાને લઈ હાજર સ્ટાફનો ઉધડો લઈ નાંખ્યો હતો. જયારે એક જ રાત્રીના સમયે બે વાર સિવિલના તાત્કાલીક વિભાગમાં હોબાળો સર્જાતા સિવિલમાં દિવસભર રાત્રીના બે બનાવોની ચર્ચાઓ ચાલી હતી.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલ દર્દીઓથી ધમધમતી રહે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર મેળવે છે. હોસ્પિટલમાં તાવથી માંડીને હિમોડાયાલિસિસ સુધીની સારવાર થાય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં દર્દીઓ મળતી આરોગ્યલક્ષી સુવિધા મળતા દર્દીઓ મોટીમાત્રામાં સારવાર માટે આવે છે. પ્રાપ્ત માહિતી મુજબ ત્યારે ગુરુવારની રાત્રીના સમયે એક જ રાતમાં તાત્કાલીક વિભાગમાં દર્દીના સ્વજનોએ હોબાળો મચાવ્યો હતો. તાત્કાલીક વિભાગમાં સ્ટાફ દ્વારા સત્વરે સારવાર મળી ન હોવાના આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો હતો. સ્વજનોના ઉગ્ર આક્રોશને પગલે સ્ટાફના કર્મચારીઓ છુપાઈ ગયા હોવાનું અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. સિવિલના તાત્કાલીક વિભાગમાં રાત્રીના એક વાગ્યાના સુમારે ઉંમરલાયક માજીને લઈને સારવાર માટે આવ્યા હતા. ડોકટર દ્વારા ચકાસણી બાદ સારવાર આપવામાં સ્ટાફ દ્વારા મોડુ કરવામાં આવ્યું હતું તેવા આક્ષેપ સાથે હોબાળો કર્યો હતો. જયારે બીજા બનાવમાં સવારના પાંચ વાગ્યાના અરસામાં બન્યો હતો. જેમાં ઉંમરલાયક વડીલને પેટમાં અસહ્ય દુખાવાને પગલે સારવાર માટે તાત્કાલીક વિભાગમાં લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સોનોગ્રાફી ન કરાવી તેમ કહી સ્વજનોએ હોબાળો મચાવતા મોટીસંખ્યામાં દર્દીઓ અને સગાઓ એકઠા થઈ ગયા હતા. સ્વજનોના રોષને લઈ સ્ટાફના કર્મચારીઓ સંતાઈ ગયા હતા તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. તંત્ર દ્વારા સિવિલના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવતા તાત્કાલીક સ્થળ પર અધિકારીઓ દોડી ગયા હતા અને દર્દીના સગાઓને શાંત પાડ્યા હતા. જો કે એક જ રાતમાં બે હોબાળા થતા દિવસભર હોસ્પિટલના કર્મચારીઓમાં ચર્ચાઓ થતી હતી.



ગાંધીનગરના સેકટર-૩-ન્યુ ખાતે શિવશકિત મંદિરનો ૧૮મો પાટોત્સવ આજે યોજાયો હતો. જેમાં બપોરે ૧.૩૦ કલાકે યજ્ઞનો પ્રારંભ કરાયો હતો. જેની પૂર્ણાહુતિ સાંજે ૫ કલાકે યોજાઈ હતી. પાટોત્સવ પ્રસંગે ધ્વજારોહણથી માંડીને વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાયા હતા જયારે સમાપને ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગુજરાતી દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

પોપટલાલ પી. પરમાર, ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય સમાજ, સમૂહલગ્ન અને સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૦માં સમૂહ લગ્નમહોત્સવ તા. ૯ ફેબ્રુઆરીના રોજ યોજાશે. સે-૨૮ રંગમંચ ખાતે યોજાનાર સમૂહ લગ્ન મહોત્સવમાં ૭ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. યુગલોને આશીર્વાદ આપવા સમાજના પાંચથી છ હજાર માણસો હાજર રહેશે. સંસ્થાના પ્રમુખ માણેકલાલ એન. જનસારી દ્વારા સમાજના સર્વેને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.






નવ પરગણા ૨૮૨ ગરો બ્રાહ્મણ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા અઢારમા સમૂહલગ્ન યોજાયા હતા જેમાં અઢાર વરઘોડિયાએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ પ્રસંગે શહેરના અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા.

## હવે આઈટીઆઈ ઈન્સ્ટ્રકટર્સ માટે સીઆઈટીએસ પાસ કરવી ફરજિયાત

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા આઈટીઆઈની ગુણવત્તા સુધારવાના પ્રયાસ તરીકે સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર્સ માટે સીઆઈટીએસ એટલે કે ક્રાફટસ ઈન્સ્ટ્રકટર ટ્રેઈનીંગ સ્કીમ પરીક્ષા પાસ કરવાનુંફરજિયાત બનાવ્યુંછે. સીઆઈટીએસ પરીક્ષાનું સંચાલન ગુજરાત સબ-ઓર્ડિનેટ સિલેકશન બોર્ડ-જીએસએસએસબી દ્વારા કરવામાં આવશે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાના જણાવ્યા અનુસાર રાજય સરકાર દ્વારા આઈટીઆઈ માટે ૨૩૦૦થી વધુ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર્સની નિમણુંક પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સાથે રાજયમાં ૧૮ આઈટીઆઈ ખાતે સીઆઈટીએસના અભ્યાસક્રમ મુજબ ઈન્સ્ટ્રકટર્સ માટે ટ્રેડ પ્રેકટીસ અને તાલીમ પધ્ધતિની ઘનિષ્ઠ તાલીમ શરુ કરવામાં આવી છે. જેના પરિણામે આઈટીઆઈમાં ૩ વર્ષ કે તેથી ઓછા સમયથી કાર્યરત ૬૦૦થી વધુ એસઆઈ અને જેમની નિમણુંક પ્રક્રિયા બાકી છે તેવા તમામ ઈન્સ્ટ્રકટર્સે પણ આ પરીક્ષામાં સામેલ થવું પડશે. જો ઈન્સ્ટ્રકટર્સ નિર્ધારિત સમયમાં સીઆઈટીએસ પાસ નહીં કરે તો તેમના કરારની મુદત પુરી થતા તેમને છુટા કરી દેવાશે. ગ્રાન્ટ ઈન એઈડ આઈટીઆઈમાં પણ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર્સની ખાલી જગ્યાએ જીએસએસએસબી થકી જ ભરવામાં આવશે.

## ઝુંડાલ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો


ગાંધીનગર,તા.૭

ગાંધીનગર એલસીબી-૨ પોલીસે ઝુંડાલ પાસેથી બાતમીને પગલે ટ્રકમાં એસીની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂ, એસી, મોબાઈલ, અને ટ્રક મળીને કુલ રૂ.૭૯,૫૫,૧૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




બનાવની મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે હે.કો. અશ્વિનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે તપોવન સર્કલ થી ઝુંડાલ સર્કલ વચ્ચે રીંગ રોડના સર્વિસ માર્ગ પર પડેલા ટ્રકમાં દારૂનો જથ્થો છે. જેથી પોલીસે અહી રામદેવ હોટલ પાસે જઈને તપાસ કરતા આર.જે.૧૪.જી.બી.-૯૯૫૯ નંબરનો ટ્રક પડ્યો હતો, પરંતુ ટ્રકમાં કોઈ હાજર ન હતું. જેથી એલસીબી પોલીસે તપાસ કરતા એડીની આડમાં વિદેશી દારૂનો મળી આવ્યો હતો. પોલીસે ૫૯૯ બોટલ દારૂ કિં.રૂ.૨,૩૯,૬૦૦ હતી.જયારે બ્લુયસ્ટાર સ્પ્લીટ એસીના ઈન્ડોર અને આઉટડોર યુનિટના ૧૭૦ સેટ હતા. એક એસીની કિં.૩૯૫૦૦ લેખે ૧૭૦ એસીની કિ.૬૭.૧૫ લાખ થવા પામે છે. પોલીસે એસી, દારૂ,મોબાઈલ, રૂ.૧૦ લાખનો ટ્રક મળીને કુલ ૭૯,૫૫,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૫-બીમાં મહાકાલી માતાજીનો પાટોત્સવ અને દિગ્પાલ દેવતાઓની પ્રતિષ્ઠા યજ્ઞ યોજાયા





ગાંધીનગર, તા.૭

આજે ગાંધીનગરના સેકટર-૫-બી ખાતે શ્રી મહાકાલી માતાજીનો પાટોત્સવ તથા દિગ્પાલ દેવતાઓની પ્રતિષ્ઠા યજ્ઞ યોજાયા હતા. આ શુભ પ્રસંગે સવારેગણેશ પૂજનથી માંડીન જલયાત્રા, શોભાયાત્રા, દેવતાઓનું સ્થાપન, દિગપાલ દેવતાની પ્રતિષ્ઠા, શાન્તિહોમ દેવી હોમ, પૂર્ણાહુતિ હોમ, મહાઆરતી જેવા વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાયા હતા. આ ઉપરાંત રાત્રિના સમયે મંદિર ખાતે સાગરપંચાલ ગૃપ દ્વારા નિમિષા પંચાલના લાઈવ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવ પ્રસંગે યજ્ઞના આચાર્યપદે પ્રો. કાનજીભાઈ ભોગાયતા શાસ્ત્રી અને પૂજારી તરીકે સીતારામ બાપુની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના સમાપને આમંત્રિત મહેમાનોનું આયોજક પ્રેમલસિંહજી ગોલ તથા હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## આજે જલારામ મંદિરે રકતદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં રકતદાનની સેવા પ્રવૃત્તિ સતત ચાલતી રહે છે અને શહેરના યુવા રકતદાતાઓ હંમેશા રકતદાન જેવી સમાજ માટે ખૂબ જ ઉપયોગી સેવા પ્રવૃત્તિ માટે હંમેશા ખડેપગે તૈયાર રહે છે. રકતદાન થકી કોઈકનું જીવન બચાવી શકાય છે. શહેરમાં તા. ૮મી ફેબ્રુઆરી શનિવારે સે-૨૯મા જલારામ મંદિર ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક તથા હર્ષ ફાઈનાન્શિયલ સર્વિસિસ દ્વારા સ્વ. હર્ષિત ઠકકરના જન્મદિન નિમિત્તો શ્રધ્ધાંજલિના ભાગરૂપે કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં જોડાઈને રકતદાન કરવા શહેરના રકતદાતાઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સંત રહિદાસ સેવા સમાજ દ્વારા ૬૪૩મો જન્મજયંતિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા સંત શિરોમણી રોહિદાસજીની ૬૪૩મી જન્મજયંતિ સમારોહ તા. ૯ ફેબ્રુઆરીના રોજ યોજાશે. જે અંતર્ગત શોભાયાત્રા નીકળશે. જે મંદિરથી પ્રસ્થાન થઈ ઉત્તરે રોહિદાસ સર્કલ સે-૧૩, સે-૩ રીંગ રોડ, ઘ-૨ સર્કલ, સે-૭ થી પોલીસ સ્ટેશન, ઘ-૩ થી ઘ-૪ મહાત્મા મંદિર, સે-૧૫ કોલેજ, સે-૨૪, સે-૨૪/૨૫, ખ રોડ, ખ-૫ થી સર્કલ, સે-૧૪ થી ખ-૩, સે-૫ના અંદરના રોડથી સે-૫ સીએનજી પેટ્રોલ પંપથી બપોરે ૧ વાગ્યે નિજ મંદિર પરત ફરશે.

ત્યારબાદ બપોરે ૩ વાગ્યે ધર્મસભા યોજાશે તથા રાત્રે ૮ કલાકે ભવ્ય સંતવાણી લોકડાયરો યોજાશે. આ કાર્યક્રમમાં તથા શોભાયાત્રામાં સર્વ ભાવિક ભકતજનો, સંતો-મહંતો, સેવાભાવી મંડળીઓ, આગેવાનો, સોસાયટી, ભજન મંડળીના બેનર સહિતના વાહનો તથા પોતાના વાહનો સાથે શોયભાયાત્રામાં જોડાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## સ્માર્ટ કિડસના બાળકોએ પરેડ, સૂર્ય નમસ્કાર અને યોગા કરી સ્પોર્ટસ ડેની ઉજવણી કરી







સ્માર્ટ કિડ્સ સે-૧ ખાતે સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રિ સ્કૂલનો મુખ્ય ઉદ્દેશ સ્પર્ધા નહિ પણ બાળકો દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લે તે હતો. નર્સરી-જુનિયર અને સિનીયર કેજીના બાળકો દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં મશાલ સાથે પરેડ કરવામાં આવી ત્યારબાદ બાળકો દ્વારા સૂર્ય નમસ્કાર તથા યોગાની પ્રસ્તુતિ કરવામાં આવી. આ પ્રિસ્કૂલના કુલ ૧૩૦ બાળકોએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બાળકોના દાદા દાદીને ખાસ બોલાવવામાં આવ્યા હતા. સતત ૧૯મા વર્ષે ઉજવનાર આ સ્પોર્ટસ ડેમાં પ્રિ-સ્કૂલના વિદ્યાર્થીઓએ દરેક ગેમમાં ગ્રુપ એકિટવીટી કરી ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના શિક્ષકોનો વિશેષ ફાળો રહ્યો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેક્ડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન**
૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩**
૭.૦૦
**તાન્હાજી**
૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેક્ડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેક્ડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

## આજે ડુંગરી ગરાસિયા સેવા સમાજનો વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

શનિવાર તા. ૮-૨-૨૦૨૦ના રોજ શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા એમ.એસ. ભરાડા, આઈપીએસ રેન્જ ડીઆઈજીપી ગોધરાના અધ્યક્ષસ્થાને વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના યુવાનોની શૈક્ષણિક તથા રમત ગમત ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓને બિરદાવવામાં આવશે તેમજ નવી નિમણુંક અને બઢતી મેળવતા કર્મચારીઓ, નિવૃત્ત થયેલ સમાજના અગ્રણીઓનું સન્માન કરવામાં આવશે. સાથે બાળ પ્રતિભાઓની કૃતિ, સાંસ્કૃતિક કૃતિ તેમજ પારંપરિક નાચ ગાન તથા સમાજ ઉત્થાનને લગતા મહાનુભાવોના પ્રવચન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સમાજના સહુ ભાઈ-બહેનો, આગેવાનો, યુવાનો તથા બાળકોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## અરવિંદ કેન્દ્ર ખાતે ગીતાના શ્લોક શીખવવામાં આવશે

અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે દર રવિવારે ગીતાના શ્લોકો શુધ્ધ ઉચ્ચાર સહિત સવારે ૧૦થી ૧૧ દરમિયાન નિઃશુલ્ક શીખવવામાં આવશે તથા ગીતાના અધ્યાયનો પાઠ કરાવવામાં આવશે. વધુ માહિતી માટે ૯૮૨૫૭૮૬૧૫૩ પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. કુંવરબેન મંગાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. હિરાબેન પ્રતાપભાઈ ગઢવી, ઉ.વ. ૭૫
- સ્વ. પંકજ સોનાજી ઠાકોર, ઉ.વ. ૨૫